

ओ३म्

।। कृण्वन्तो विश्वमार्यम् ।।


# आर्य वैदिक दर्शन

# ARYA VEDIC DARSHAN

# આર્ય વૈદિક દર્શન

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું
માસિક મુખપત્ર

RNI Registration No. Guj/Guj/2015/63289

**Vol.2 Issue 8, NOVEMBER 2018 Ahmedabad, (Gujarat)**
**Page : 32, Rs. 100 Annual**




## મણીલાલ ગોરધનરામ ભટ્ટ

વતન બોરીઆ. તેઓને નાનપણથી જ આર્યસમાજનો રંગ લાગેલો વ્યવસાય ખેતી પરંતુ ખેતીની સાથે આર્યસમાજમાં આવવાથી વિદ્વાનોના પણ વચનો સાંભળવા મળતા આથી તેઓ ચરોતર પ્રદેશ અાયસમાજ આણંદમાં સક્રિય રીતે જોડાયાં. આર્યસમાજને યથાસામર્થ્ય સેવા આપતા. તે સમયે ચરોતર પ્રદેશ આર્યસમાજ મુંબઇ પ્રદેશનું મથક હતું, આથી મણીભાઇને તેમના જેવાં અનેક લોકોનો સંગ થતો.

# "આર્ય વૈદિક દર્શન"

આર્યવૈદિક દર્શનનું લવાજમ રોકડેથી અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે ભરી શકાય છે.

૧. હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦

૨. પૂનમચંદ નાગર
આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર,
મહર્ષિ દયાનંદ માર્ગ, (કાંકરિયા)
અમદાવાદ - ૩૮૦ ૦૨૨

૩. પ્રવીણચંદ્ર ઠાકર
આર્યસમાજ, આર્યસમાજ માર્ગ,
ન્યૂ માયાણી નગર, મ્યુનિસી ક્વાટર્સ સામે,
નાનામવા સર્કલ, રાજકોટ

નોંધ: (૧) લવાજમ મોકલતી વખતે ગ્રાહકે પોતાનું પત્રવ્યવહારનું પૂરૂ સરનામું અને ફોન નંબર લખી મોકલવા.

(૨) લવાજમ બેંક દ્વારા પણ નીચેના ખાતામાં ભરી શકાશે. બેંકમાં નાણાં ભર્યાની સ્લીપ તથા હેતુ સભા કાર્યાલયમાં જણાવવા.

બેંક ખાતાનું નામ : ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા
બેંકનું નામ : યુનીયન બેંક ઓફ ઇન્ડિયા
ખાતા નંબર : ૩૧૩૩૦૨૦૧૦૩૫૨૭૨૫
IFSC : UBIN0531332

પ્રકાશન અર્થેના સમાચાર, લેખ, કાવ્યો વગેરે નીચેના સરનામે મોકલવા. પર્વ-તહેવાર અને વિશેષ દિવસના લેખ અંક પ્રસિદ્ધ થવાના બે માસ પહેલા મોકલવા. Email : aryasamaj.tnk@gmail.com, gujaratsabha@gmail.com

હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી.
પિન : ૩૬૩૬૫૦

सत्य के ग्रहण करने और असत्य को छोडने में
सर्वदा उद्यत रहना चाहिए।

RNI No. Guj/Guj/2015/63289

# આર્ય વૈદિક દર્શન

સૃષ્ટિ સંવત: ૧,૯૬,૦૮,૫૩,૧૧૯
વિક્રમ સંવત: ૨૦૭૪
વર્ષ:૨ (સળંગ વર્ષ ૩૭)
અંક : ૮, નવેમ્બર- ૨૦૧૮
સંપાદક : સુરેશચંદ્ર આર્ય
મોબાઈલ નં.: ૯૮૨૪૦ ૭૨૫૦૯
સહસંપાદક : હસમુખ પરમાર
મોબાઈલ નં. ૯૮૭૯૩ ૩૩૩૪૮
વ્યવસ્થાપક : પ્રવીણચંદ્ર ઠાકર
મોબાઈલ નં. ૯૦૩૩૦ ૩૧૧૪૬
પ્રકાશક : ગુજ. પ્રા. આર્ય. પ્રતિનિધિ સભા
પ્રકાશન કાર્યાલય: આર્યસમાજ,
ત્રણ હાટડી, ટંકારા.
મુદ્રક : નચિકેત આર્ટ પ્રિન્ટર્સ,
૧૧, ગેલેક્સી કોમર્શિયલ સેન્ટર,
જવાહર રોડ, રાજકોટ.
ફોન: ૦૨૮૧ - ૨૨૩૪૫૬૫
લવાજમ દર:
વાર્ષિક : રૂા. ૧૦૦/-
દ્વિવાર્ષિક : રૂા. ૧૭૫/-
ત્રિવાર્ષિક : રૂા. ૨૫૦/-
આજીવન: (૧૦ વર્ષ) રૂા. ૮૦૦/-
૧ પ્રત : રૂા. ૧૦/-
આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.
Email : gujaratsabha@gmail.com

## સ્મૃતિ વચન

सर्वेषामेव शौचानामर्थशौचं परं स्मृतम्।
योऽर्थे शुचिर्हि स शुचिर्न मृद्वारिशुचिः शुचि ॥

ધર્મ વડે જ પદાર્થોનો સંચય કરવો તે જ સર્વથી મોટી પવિત્રતા છે. એટલે જ મનુષ્ય કોઈ બીજાના પદાર્થોનું અન્યાયથી ગ્રહણ કરે નહિ તે જ પદાર્થો પવિત્ર છે. જળ અને માટી વડે જે પવિત્રતા થાય છે તે પવિત્રતા ધર્મના જેવી ઉત્તમ નથી. (સં.વિ. ૨૫૮)
૧૦૬ (૧૫)

**અનુશીલન :** જીવનમાં ધાર્મિક નીતિના માર્ગે મેળવેલ આવક જ સૌથી ઉત્તમ છે અને તે જ પરિવારમાં ઉત્તમ સંસ્કારોનું સિંચન કરે છે. મહાત્મા ગાંધીજી પણ અર્થશુદ્ધિ તેમ જ પદાર્થ શુદ્ધિ ઉપર ભાર આપતા હતાં.

## અનુક્રમણિકા

| | |
|---|---|
| આધ્યાત્મિક ચિંતન | ૪ |
| વૈદિક ઉપદેશ | ૬ |
| ઈશ્વર અને ઈશ્વરીય દિવ્ય જ્ઞાન | ૯ |
| જિજ્ઞાસા સમાધાન | ૧૧ |
| ગ્રંથ પરિચય | ૧૩ |
| અંધવિશ્વાસ અને તેનું નિવારણ | ૧૪ |
| બાળ વિભાગ | ૧૬ |
| **ગુજરાતનું ગતિશીલ આર્ય જગત** | |
| આન્તર્રાષ્ટ્રિય મહાસંમેલન-૨૦૧૮ | ૨૦ |
| ચરોતર પ્રદેશ આ. દ્વારા યોગ સાધના | ૨૨ |
| આર્ય યુવકો દ્વારા વિશ્વશાંતિ બાઇક યાત્રા | ૨૩ |
| આર્યસમાજ રાજકોટ દ્વારા વકતૃત્વ સ્પર્ધા | ૨૬ |
| આર્યસમાજ ટંકારા દ્વારા વકતૃત્વ સ્પર્ધા | ૨૭ |
| આ. નેત્રંગ દ્વારા નિદાન કેમ્પ | ૨૮ |
| આચાર્ય જ્ઞાનેશ્વરજીનો પ્રથમ સ્મૃતિ દિવસ | ૩૦ |
| ટંકારામાં આગામી ઋષિ બોધોત્સવ | ૩૦ |
| વાનપ્રસ્થ સા. આ. રોજડ ખાતે ધ્યાન શિબિર | ૩૦ |
| ડૉ. ભવાનીલાલ ભારતીયની ચિર વિદાય | ૩૧ |
| આ. જૂનાગઢના પ્રમુખ શાંતિલાલ ઉસદડિયાનું નિધન | ૩૧ |

આધ્યાત્મિક ચિંતન

# હું શું યાચના કરૂ ?

- આચાર્ય સત્યજિત આર્ય
અનુવાદ : પ્રવીણચંદ્ર ઠાકર

પ્રભુ કૃપાથી આપણાં સહુને પોતાની ઉન્નતિ માટે આપણાં પોતાના કર્માનુસાર માનવ શરીર મળ્યું છે. પ્રત્યેક આત્માની એવી ઇચ્છા છે કે તે શુદ્ધ સુખને મેળવે અને દુઃખથી સંપૂર્ણપણે નિવૃત્ત થઇ જાય. આના માટે દરેક આત્મા હંમેશા પ્રયત્નશીલ રહે છે. પોતપોતાના જ્ઞાન અનુસાર પોતપોતાની સમજણ અનુસાર પ્રત્યેક આત્મા પોતાની ઇચ્છા-પૂર્તિ માટે પ્રયત્ન કરતી રહે છે. મૂળ ઇચ્છા સહુની સમાન હોવા છતાં, જ્ઞાન / સમજ અને પરિસ્થિતિના ભેદથી જુદા-જુદા પ્રયત્નો કર્યા કરે છે. પ્રયત્નોની આ વિવિધતા જોઇને તેમની ઇચ્છાઓ પણ અલગ જણાય છે. અલગ અલગ સુખ સાધનોની ઇચ્છા કરતા જોઇ એવું તારણ કાઢી શકાય કે બધાની પોતપોતાની જુદી-જુદી ઇચ્છા છે. પરંતુ સ્પષ્ટ છે કે મૂળ ઇચ્છા તો નિરપવાદરૂપથી બધા આત્માની સમાન છે.

વ્યક્તિ આધ્યાત્મિક હોય કે ભૌતિકવાદી, બધામાં મૂળ ઇચ્છા સરખી છે. સુખ સાધનોની ઇચ્છા પણ મોટે ભાગે સમાનતા જોવામાં આવે છે. આધ્યાત્મિક વ્યક્તિ પણ ધન, મકાન, વસ્ત્ર, ભોજન વગેરે ઇચ્છે છે કારણ કે શરીરના વ્યવહાર માટે શારીરિક અનુકૂળતાઓ, સાધના માટે પણ જરૂરી અને સહાયક હોય છે. આ રીતે સાધના-પ્રિય આધ્યાત્મિક વ્યક્તિ પણ ભૌતિક સાધનો ઇચ્છે છે, તે યોગ્ય પણ છે.

પ્રભુ કૃપાથી આપણને આપણી આધ્યાત્મિક પ્રગતિ માટે, સાધના કરવા માટે અનેકવિધ સાધન મળ્યા છે. બાહ્ય મુખ્ય સાધન શરીર માટે ભૌતિક વસ્તુઓ ઓછા-વત્તા પ્રમાણમાં મળેલ છે જ, આંતરિક સાધન મન અને બુદ્ધિ માટે ભૌતિક વસ્તુઓ, જ્ઞાન પણ દરેકને ઓછા-વત્તા પ્રમાણમાં મળેલ છે. આપણે આપણી આધ્યાત્મિક પ્રગતિ માટે આ બધા સાધનોનું મહત્વ અને જરૂરીયાત સમજીએ છીએ, સ્વીકાર કરીએ છીએ. આ સાધનો ન હોવાથી આધ્યાત્મિકતામાં કમી અનુભવી છીએ. અને પૂરતા પ્રમાણમાં હોવામાં આધ્યાત્મિકતામાં વૃદ્ધિ જોઇએ છીએ. આ બાબત થોડાક ક્ષેત્રોમાં જ સાચી હોવા છતાં સર્વત્ર લાગુ પાડવા લાગીએ છીએ. સાધક જ્યારે

પોતાની આધ્યાત્મિક પ્રગતિ ઓછી અથવા અટકતી જૂએ છે, ત્યારે ઘણી વાર સાધનોનો દોષ જોવા લાગે છે અને તે એ જ સાધનોની યાચના - પ્રાર્થના કરવા લાગે છે, એના માટે જ વિશેષ પ્રયત્ન કરવા લાગે છે.

પ્રભુએ તો કૃપા કરીને કર્માનુસાર સાધનો આપી દીધા છે અને આપતો રહે છે. પરંતુ આપણને ઘણીવાર સાધનોની કમી લાગતી રહે છે. સાધનોની કમીને આપણે આપણી આધ્યાત્મિક પ્રગતિમાં મુખ્ય બાધક કારણ માનતા રહીએ છીએ, પરિણામે તેની યાચના પ્રાર્થના વધારે કરવા લાગીએ છીએ, તેના જ માટે વધારે પ્રયત્ન કર્યા કરીએ છીએ. આ બધું કરતા આપણી આધ્યાત્મિક યાચનાઓ-પ્રાર્થનાઓ ઓછી થતી જાય છે, આધ્યાત્મિક - પ્રયત્ન ઓછો થતો જાય છે. આનાથી આધ્યાત્મિક ઉન્નતિ હજુ વધારે ઘટી જાય છે. આ દુષ્ચક્ર ચાલતું રહે છે. આપણને આ અધિકતર કમીનું કારણ પણ ભૌતિક સાધનો અને જ્ઞાનની ઉણપ જ જણાય છે, પરિણામે તેની જ પ્રાપ્તિમાં વધારેને વધારે પ્રયત્ન કરવા લાગીએ છીએ, તેની જ યાચના - પ્રાર્થના કરવા લાગીએ છીએ.

પ્રભુની મહાન કૃપા છે કે આધ્યાત્મિક પ્રગતિ માટે વધુ ભૌતિક સાધનોની જરૂરીયાત જ નથી હોતી. જરૂરી સામાન્ય ભૌતિક સાધન અધિકાંશને પ્રાપ્ય છે. અભૌતિક સાધન "**જ્ઞાન**" પણ પુરતું મળી ગયું હોય છે. આધ્યાત્મિક પ્રગતિમાં કમીનું મૂળ કારણ આ ભૌતિક અભૌતિક સાધનોનો પૂરો ઉપયોગ ન કરવો એ હોય છે.

પ્રભુ કૃપાથી પ્રાપ્ત આ સાધનોને જ્યારે આપણે પૂરો અને યોગ્ય ઉપયોગ નથી કરતા, તો એવામાં વધારે સાધનોની યાચના-પ્રાર્થના કરવી અને તેના માટે પ્રયત્ન કરવો, હાલમાં સાર્થક નહીં થાય આ વધારાના સાધનો ભવિષ્યમાં ભલેને સાર્થક થતાં પરંતુ અત્યારે તો નકામા જ રહેશે. ભવિષ્યમાં પણ આ ભૌતિક-અભૌતિક સાધન ત્યારે જ સાર્થક થશે, જ્યારે આપણે તેનો પૂરો અને યોગ્ય ઉપયોગ કરીશું. આ હાલતમાં સાધનો માટે નવી નવી માંગણીઓ કર્યા કરવી, પ્રયત્ન કર્યા કરવા વ્યર્થ છે, બાધક છે.

પ્રભુ ખૂબ કૃપાળું છે, તેની વ્યવસ્થા નિરાળી છે. જો આપણે પ્રાપ્ય ભૌતિક-અભૌતિક સાધનોનો પૂરો અને યોગ્ય ઉપયોગ કરીએ, તો આગળ માટે જરૂરી ભૌતિક-અભૌતિક સાધન મળતા જ જાય છે. જ્ઞાનનો ઉપયોગ-આચરણ કરીએ તો આગળનું નવું જરૂરી જ્ઞાન આપો આપ મળતું જ જાય

અનુસંધાન પાના નં. ૧૦ પર....

વૈદિક ઉપદેશ



# વેદ પ્રવચન

- પંડિત ગંગાપ્રસાદ ઉપાધ્યાય ○ અનુવાદક : નાથુભાઇ ડોડિયા

विश्वानि देव सवितर्दुरितानि परा सुव ।
यद् भद्रं तन्न आसुव ।।

ऋग्वेद ५-८२-५, यजुर्वेद ३०/३, तैतरीय ब्राह्मण २-४-६-३, तैतरीय आरण्यक १०-१०-२

ગતાંકથી ચાલુ...

યદ્ ભદ્રમ્'જે ભદ્ર એટલે કે કલ્યાણકારક હોય! ભદ્ર શેં છે? ને દૂર કરવું એ જ ભદ્ર છે. મહામુનિ ગૌતમે ન્યાય દર્શન ના બે સૂત્રો (૧/૧/૨૧-૨૨) માં આ રહસ્ય સમજાવ્યું છે. અર્થાત્ વિઘ્ન જ દુઃખ છે અને દુઃખ ને જ દુરિત કહીએ છીએ નામ ઇન્દ્રિયનું છે અને આકાશનું પણ છે. આકાશમાં જ ગતિ સંભવ છે.ઇન્દ્રિયો પણ આકાશમાં જ ગતિવાન થઇ શકે છે.જે વસ્તુઓ દ્વારા ઇન્દ્રિયોની કુદરતી પ્રગતિમાં રૂકાવટ થાય તે દુઃખ છે , તે જ દુરિત છે. તેથી જ અત્યન્ત વિમોક્ષનું નામ અપવર્ગ છે. અર્થાત્ કોઇ રૂકાવટ શેષ (બાકી) ન રહી જાય. રૂકાવટોની નિઃશેષ થવાથી (બાકી ન રહેવાથી) જે સ્થિતિ થાય છે તે ભદ્ર છે .તેની પ્રાપ્તિ માટે જ ઇશ્વરને આ પ્રાર્થના કરવામાં આવી છે.

આ મંત્રમાં ઇશ્વરને કહીને પોકારવામાં આવ્યો છે. અહીં (સવિતૃ) શબ્દના અર્થો ઉપર વિશેષ વિચાર કરવાનો છે. નો સંબંધ અને બન્ને સાથે છે, કારણ કે , આત્રણેય શબ્દો એક જ ધાતુ ના સૂચક છે. નો અર્થ છે અર્થાત્ પ્રેરક. મોનિયર,વિલિયમ્સે પોતાના બૃહદ્ સંસ્કૃત કોશ માં નો અર્થ આપ્યો છે.-અમે આ અંગ્રજી અર્થ એ માટે આપેલ છે કે સાધરણ હિન્દી ભાષામાં આપણે બધા પ્રસવ, સવિતા, પ્રસવિતા ના મુખ્ય ધાત્વર્થ (ધાતુના અર્થ) ની ઉપેક્ષા કરીએ છીએ. ઋગ્વેદના પાંચમા મંડળ માં ૮૨મા સૂક્તમાં ૯ મંત્ર છે. આ બધા મંત્રોના દેવતા સવિતા છે અને દરેક મંત્રમા સવિતાની સાથે ધાતુના કોઇને કોઇ રૂપનો પ્રયોગ થયો છે. આથી સમજી શકાય છે કે અને તેના સબંધી અને વિશેષ અર્થોના સૂચક છે.

પરમાત્માના જેટલા નામો વેદમાં અથવા બીજે આપવામાં આવ્યા છે તે સર્વેનો સંબંધ પ્રાણીવર્ગ સાથે છે. નામ એટલા માટે જ હોય છે કે નામ લેનાર નામી ની સાથે પોતાનો સંબંધ નિર્ધારિત કરી શકે. જેને કોઇની સાથે સંબંધ નથી તેને નામ કે અજ્ઞાની આવશ્યક્તા નથી. જેના દ્વારા જ્ઞાન થઇ શકે તે સંજ્ઞા છે. જેને કોઇની સાથે સંબંધ નથી તેને નામ કે સંજ્ઞાની આવશ્યકતા નથી. જેના દ્વારા જ્ઞાન થઇ શકે તે સંજ્ઞા છે. જ્ઞાનને માટે જ્ઞાતા કે ચેતન

જીવી આવશ્યકતા છે. જીવ અને ઇશ્વરનો સંબંધ અનંત છે. મહાભાષ્યમાં મુનિવર પતંજલિ એ લખ્યું છે કે (૧-૧-૪૮) અર્થાત્ સંબંધો સેંકડો હોય છે. વિશેષ અવસ્થામાં વિશેષ સંબંધ બતાવવાની આવશ્કતા હોય છે. પરમાત્મા સવિતા પ્રસવિતા કે પ્રેરક છે તેનો શો અર્થ છે?

સંકુચિત અર્થમાં સવિતા સૂર્યને પણ કહીએ છીએ. સૂર્ય પણ પ્રસવિતા કે પ્રેરક છે. રાત વિત્યા પછી સૂર્યના કિરણો જ્યારે વસ્તુઓ પર પડે છે ત્યારે દરેક પદાર્થની અંદર એક પ્રકારની પ્રેરણા કે જાગૃતિ ઉત્પન્ન થાય છે. સૂર્ય કોઇ નવી વસ્તુનું ઉત્પાદન નથી કરતો. પદાર્થોમાં જે શક્તિઓ છૂપાયેલ છે તે જ જાગી ઊઠે છે, નવું જીવન આવી જાય છે. અંગ્રેજીના શબ્દો કે આ આંતરિક ભાવો સારા એવા પ્રમાણ વ્યક્ત કરે છે. કોઇ પણ મનુષ્ય પ્રાતઃ કાળમાં પોતાના જીવનમાં સૂર્યના પ્રકાશ દ્વારા આવેલ આ જાગૃતિનો અનુભવ કરી શકે છે, બીજા પ્રાણધારીઓ કે વનસ્પતિ વગેરે પણ તે વાતને અનુમોદન આપે છે. સૂર્યના કિરણો ગુલાબને કાર્યકારણનો સંબંધ નથી. સૂર્યમાંથી ગુલાબ ઉત્પન્ન થતું નથી. ન તો ગુલાબ બગડી જઇને સૂર્યમાં વિલીન થશે. પરંતુ ગુલાબની આંતરિક, અવિકસિત શક્તિઓ વિકાસ કરવાને ઉદ્યત કરવામાં સૂર્યના કિરણો પ્રેરક છે. તે ગુલાબની અંદર પડેલ વ્યક્તિ હોય તે વ્યક્ત થઇ જાય છે. બીજું દૃષ્ટાંત આપણે વિદ્યુતનું લઇ શકીએ. વિદ્યુત-તરંગને પણ સવિતા કે પ્રેરક કહી શકીએ છીએ. એક જ વિદ્યુત કોષને સંબંધ જુદા જુદા યંત્રો સાથે હોય છે. તરંગો ચાલુ થતા જ જુદા-જુદા યંત્રોને પ્રેસ મળે છે અને તે ગતિશીલ થઇ જાય છે. લોટની ઘંટી લોટ દળવા લાગે છે, લાકડ કાપવાનું મશીન લાકડાં કાપવાનું શરૂ કરે છે. છાપખાનાનું મશીન છાપકામ શરૂ છે. મશીન જુદા જુદા પ્રકારના છે, પરંતુ બધાને આ વિદ્યુત તરંગમાંથી પ્રાપ્ત થાય છે.

આ લૌકિક ઉદાહરણોનો આંતરિક ભાવનાઓ સાથે વિચાર કરો અને પછી તેને આ મંત્રમાં આવેલા સવિતા શબ્દ સાથે સરખાવો.

પરમાત્મા કોઇ પ્રાણીને દબાણ પૂર્વક આજ્ઞા આપતો નથી કે તમે કરો કે તમે આવું ન કરો. માટે ભાગે ધાર્મિક ક્ષેત્રે એવી માન્યતા પ્રચલિત છે કે ઇશ્વર જે ઇચ્છે તે પ્રાણીઓ પાસે કરાવે છે; પરમાત્મા જેને ઇચ્છે તેને સારા માર્ગ તરફ લઇ જાય છે અને જેને ઇચ્છે છે તેને ગુમરાહ કરી દે છે. જો ઇશ્વર પોતાની આજ્ઞા બળપૂર્વક જીવો ઉપર થોકી બેસાડતો હોય તો પછી જીવાત્માની પ્રાર્થનાઓ નકરાત્મક છે કોની તાકાત છે કે તે ઇશ્વરના આદેશો

## જાકો પ્રભુ દારુણ દુઃખ દેંહી, વોહીકી મતિ પહેલે હરિ લેંહીં

કુરાનમાં વારંવાર કહેવામાં આવ્યું છે કે અલ્લાહ જેને ઇચ્છે તેને યોગ્ય માર્ગ પર ચલાવે છે અને જેને ઇચ્છે છે તેને ગુમરાહ કરે છે. જો પરમાત્માની ઇચ્છા જ સંસારમાં દુરિતને દૂર કરીને તેના સ્થાને ભદ્ર પ્રાપ્ત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ વાસ્તવમાં આવી ભાવના વૈદિક ભાવના નથી. પરમાત્મા કોઇ જીવને બનાવતો નથી, ન કોઇ વિશેષ કાર્ય માટે તેને તે મજબૂર કરે છે. સૂર્યના કિરણો જ્યારે મરચીના બીજની ઉપર પડે છે અને તેની સાથે બાજુમાં વાવેતર ગાજરના બીજ પર પડે તો તેની (સૂર્યની) પ્રેરણા (પ્રકાશ) તો બંને માટે હોય છે પરંતુ મરચાંનું બીજ મરચાં જ ઉત્પન્ન કરે છે અને ગાજરનું બીજ ગાજર જ ઉત્પન્ન થાય છે, કિરણો નથી તીખાસ કરે છે. એકમા તીખાશ છે, બીજામાં મિઠાશ ઉત્પન્ન થાય છે, કિરણો નથી તીખાસ ઉત્પન્ન કરતા કે નથી મીઠાસ ઉત્પન્ન કરતા કે નથી મીઠાસ ઉત્પન્ન કરતા. સૂર્યૂ તો કેવળ પ્રેરણા જ આપે છે.

જેવી રીતે સૂર્યના કિરણો પદાર્થોમાં જાગૃતિ ઉત્પન્ન કરે છે તેવી જ રીતે આસ્તિકતાની ભાવના પણ દરેક પ્રાણીમાંથી જાગૃતિ ઉત્પન્ન કરે છે. આ સ્ફૂર્તિ જ દુરિતના નિરાકરણ માટે શક્તિ પ્રદાન કરે છે. રોગના કીટાણું સ્વસ્થ શરીર ઉપર પણ આક્રમણ કરે છે અને બીમાર શરીર ઉપર પણ આક્રમણ કરે છે. પરંતુ સ્વસ્થ શરીર સ્વસ્થતાની મદદથી આક્રમણ કરનાર કીટાણુઓને નાશ કરી દે છે. જેમ પત્થર ઉપર પડેલ સળગતી દિવાસળી બૂજાય જાય છે. આજ દિવાસળી ઘાસ કે રૂ ઉપર પડે ત્યારે તે આગથી ભડકી ઊઠે છે. એક અસ્વસ્થ શરીર કોલેરાના કીટાણુને કારણે કેવળ સ્વયં મૃત્યુને ભેટે છે. એટલું જ નહિ બીજાના શરીરને પણ નષ્ટ કરી દે છે. આસ્તિક મનુષ્ય અને આસ્તિકતાહીન મનુષ્યના આત્મામાં આજ તફાવત છે. દુરિત (પાપ) પોતાનું આક્રમણ તો બધા ઉપર કરે છે, પરંતુ પ્રાર્થના કરનાર દુરિતની પ્રકૃતિને સમજે છે અને પોતાને પરમાત્માની કૃપાથી સુસજ્જિત માને છે અને તેમના દુરિત શીઘ્ર નાશ પામે છે, તેનો વિકાસ અટકી જાય છે.

જે મનુષ્ય પરમાત્માના સવિતૃ ભાવને સમજ્યા વગર પરમાત્મા પાસે વસ્તુ-વિશેષની માંગણી કરે છે તેની પ્રાર્થના નિષ્ફળ જાય છે. પરમાત્મા મફતમાં કોઇને સદાવત કે ખેરાત કરતો નથી. મોટેભાગે ધનવાન

અનુસંધાન પાના નં. ૨૮ પર....

# ઈશ્વર અને ઈશ્વરીય દિવ્ય જ્ઞાન

વિશ્વનાં મોટા ભાગના લોકો આસ્તિક છે. તેઓ ઈશ્વરના અસ્તિત્વમાં વિશ્વાસ ધરાવે છે. ભલે ઈશ્વરના સ્વરૂપ વિશે આસ્તિકોમાં થોડુંઘણું મતમતાંતર પ્રવર્તતું હશે, પરંતુ ઈશ્વરની સર્વોપરિતા અને જીવ તથા જડ જગત પરના તેના સર્વોચ્ચ શાસનને માનવામાં લગભગ બધા જ આસ્તિકો એકમ ત છે.

વૈદિક જ્ઞાન પરંપરામાં ઈશ્વરને એક વાસ્તવિક પદાર્થ અથવા સત્તા રૂપે માન્ય કરવામાં આવ્યો છે. વેદ, ઉપનિષદ્ તથા વૈદિક દર્શન વગેરે શાસ્ત્રોમાં ઈશ્વરને એક વાસ્તવિક પદાર્થના રૂપમાં વર્ણન કરવામાં આવ્યો છે. આથી જ તો તેને "સત્" કહ્યો છે. આ ઈશ્વર ચેતન છે. જ્ઞાની છે, બધું જ જાણે છે, સર્વજ્ઞ છે. તેથી જ તેને "ચિત્" કહેવામાં આવે છે. ઈશ્વરમાં અનેકાનેક ગુણો છે અને અનંત તેનાં કાર્યો છે. આનંદ તેનો સ્વાભાવિક ગુણ છે. ઈશ્વર સ્વભાવથી જ એટલે કે પોતાના સ્વરૂપથી જ આનંદ ધરાવે છે. આથી તેને આનંદની પ્રાપ્તિ નથી કરવી પડતી. તે સદૈવ આનંદ ધરાવે છે. આથી જ તેને "આનંદ" અથવા આનંદ સ્વરૂપ પણ કહેવામાં આવે છે. ઈશ્વરના આ ત્રણ મુખ્ય ગુણોને પ્રાયઃ એક જ "સચ્ચિદાનંદ" શબ્દથી પ્રગટ કરવામાં આવે છે.

ઈશ્વરનું પોતાનું સ્વાભાવિક અથવા મુખ્ય નામ ઓમ્ છે. યજુર્વેદના અંતિમ અધ્યાયના એક મંત્રમાં ઈશ્વરના ઓમ્ નામનો ઉલ્લેખ થયેલ છે. ઉપનિષદો તથા અન્ય વૈદિક ગ્રંથોમાં પણ ઈશ્વરનું મુખ્ય નામ ઓમ્ જ બતાવવામાં આવ્યું છે. ઓમ્ અનેક અર્થ ધરાવતું નામ છે, પરંતુ તે મુખ્યત્વે ઈશ્વરના સર્વરક્ષક ગુણનો પ્રકાશ કરે છે. ઈશ્વર આપણા સૌનું રક્ષણ કરે છે, એ ભાવના ઓમ્ શબ્દમાં પ્રમુખ છે. ઈશ્વર આપણું બહુવિધ રક્ષણ કરે છે. તે જ્ઞાન આપીને આપણું રક્ષણ કરે છે. આપણને જ્ઞાન આપવાના તેના મુખ્ય રૂપે બે પ્રકાર છે. પ્રથમ પ્રકાર વેદોના પ્રકાશ રૂપે છે. ઈશ્વર જ્યારે આપણી આ સૃષ્ટિ બનાવે છે અને મનુષ્યોનું નિર્માણ કરે છે, ત્યારે તેણે ઉત્પન્ન કરેલી હજારો મનુષ્યોની સર્વ પ્રથમ પેઢીમાં જે સર્વશ્રેષ્ઠ.

સર્વાધિક પવિત્ર ચાર મનુષ્યો હોય છે, તેમના અંતઃકરણમાં ઈશ્વર એક એક વેદનો પ્રકાશ કરે છે. આ વેદોમાં મનુષ્યના ચરમ ઉત્કર્ષને પામવા માટેનું સમસ્ત જ્ઞાન સૂત્ર રૂપે અથવા બીજ રૂપે ઈશ્વર આપે છે. આપણને જ્ઞાન આપવાનો બીજો પ્રકાર એ છે કે જ્યારે જ્યારે આપણે કોઈ સારું કામ કરવાનો સંકલ્પ કરીએ છીએ ત્યારે ત્યારે આપણા અંતઃકરણમાં જે ઉત્સાહ, ઉમંગ, હર્ષ અને નિર્ભયતા ઉત્પન્ન થાય છે, તે ઈશ્વર તરફથી હોય છે. તે અંતર્યામી આપણને તે સત્કર્મ કરવા પ્રેરણા આપે છે. આવી જ રીતે જ્યારે જ્યારે આપણે કોઈ ખરાબ કામ કરવાનો સંકલ્પ કરીએ છીએ ત્યારે ત્યારે ઈશ્વર આપની અંદર ભય, લજ્જા, સંકોચ વગેરે ઉત્પન્ન કરે છે અને આપણને સાવધાન કરે છે કે આ સંકલ્પિત કામ કરવા યોગ્ય નથી. એક સંનિષ્ઠ આસ્તિક વ્યક્તિ ઈશ્વરના આવા આંતરિક સંકેતોનું

ઉપાસના અને વિજ્ઞાન – આ ચાર વિષયોનો પ્રકાશ ઈશ્વરે વેદોના માધ્યમથી કર્યો છે. આ ચાર વેદોને આપણી પરંપરામાં અપૌરુષેય, સ્વતઃ

પ્રમાણ અને ઈશ્વર પ્રણીત માનવામાં આવે છે. કારણ કે આ વેદોમાં જે કાંઈ જ્ઞાન-વિજ્ઞાન છે, તે કોઈ પુરુષ એટલે કે મનુષ્યનું નથી; પરંતુ સર્વવ્યાપક, નિરાકાર, ચેતન, સર્વજ્ઞ, સર્વશક્તિમાન ઈશ્વર દ્વારા પ્રદત્ત – પ્રકાશિત છે. આથી જ તે સર્વજનોપયોગી, સાર્વકાલીન અને સાર્વજનીન છે. તેમાં સૃષ્ટિક્રમ એટલે કે વિજ્ઞાન વિરુદ્ધ કશુંય લખવામાં આવ્યું નથી. આથી વેદો પરમ વૈજ્ઞાનિક ગ્રંથો મનાય છે.

ઈશ્વર સર્વજ્ઞ હોવાથી તેનું જ્ઞાન વિશુદ્ધ અને ભૂલ વગરનું હોય છે. તેમાં પક્ષપાત કે અન્યાયની કોઈ જ વાત સંભવ નથી. વેદો કોઈ પણ પ્રકારની ભ્રાંતિ વગરના, વાસ્તવિકતાનું વર્ણન કરનારા અને સર્વ વિદ્યામય હોવાથી સ્વતઃ અથવા પરમ પ્રમાણ કહેવાય છે. સત્ય-અસત્ય અને ધર્મ-અધર્મનો વિવેક વેદોના માધ્યમથી જ કરવો એવી સલાહ પુરાતન કાળના ઋષિ મુનિઓએ પોતાનાં શાસ્ત્રોમાં ભારપૂર્વક લખી છે.

આ વેદો વૈદિક સંસ્કૃત ભાષામાં છે. તેને ઠીક ઠીક સમજવામાં બ્રાહ્મણ ગ્રંથો, ઉપનિષદો, આરણ્યકો, વેદાંગો, ઉપાંગો વગેરે પ્રાચીન ગ્રંથો સહાયક થઈ શકે છે. પાણિનિ મુનિ રચિત અષ્ટાધ્યાયી, પતંજલિ મુનિ રચિત મહાભાષ્ય અને યાસ્ક મુનિ રચિત નિરુક્ત તથા નિઘંટુ નામના ગ્રંથોના અધ્યયનથી વેદોની ભાષા અને તેના મંત્રો તથા સૂક્તોના સાચા અર્થ સમજી શકાય છે.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીએ વેદોને યથાર્થ સ્વરૂપમાં પ્રસ્તુત કરવાનો ભગીરથ પ્રયાસ કર્યો. તેમના પુરુષાર્થના પ્રતાપે વેદ સર્વ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે અને વેદને ભણવા-ભણાવવા અને સાંભળવા-સંભળાવવા એ સર્વ આર્યો એટલે કે શ્રેષ્ઠ મનુષ્યોનો પરમ ધર્મ છે. આ સત્યનું વર્તમાન યુગમાં પુનર્જાગરણ થયું.

– ભાવેશ મેરજા

**અનુસંધાન પાના નં. ૫ પરનું ચાલું**

**...આધ્યાત્મિક ચિંતન...**

**છે. સાધાનોનો પૂર્ણ અને યોગ્ય ઉપયોગ કરવાથી પુણ્ય પણ થતું જાય છે, કારણ કે સાથે પરોપકાર પણ થતો હોય છે. જૂના પુણ્યોનું ફળ પણ આપણને યોગ્ય સમયે જરૂરીયાત ઊભી થતા પ્રભુ દ્વારા આપોઆપ મળતું જાય છે. પ્રભુની આ કૃપા હોવાથી આપણી યાચના પ્રાર્થનાનો પાયો નાંખે છે. પૂર્ણ પુરુષાર્થ કર્યા પછી જ યાચના-પ્રાર્થના કરવી યોગ્ય છે.**

**પ્રભુ કૃપાથી જો આપણને દેખાય કે આપણે આપણા પ્રાપ્ત ભૌતિક - અભૌતિક સાધનોનો પૂરો અને યોગ્ય ઉપયોગ નથી કરી શકતા, તો આપણે વધારાની યાચના કેવી રીતે કરી શકીએ? આપણી આ યાચના કેવી રીતે યોગ્ય ગણી શકાય? પ્રભુએ આપણી આવી પ્રાર્થના શા માટે સાંભળવી જોઇએ ? પ્રભુએ આપણી આવી યાચના શા માટે પૂરી કરવી જોઇએ? આવી સ્થિતિમાં અંતે તો સ્વયંને માટે વારંવાર એ પ્રશ્ન ઉઠે છે કે આ સાધનોની શું હું યાચના કરું?**

# જિજ્ઞાસા - સમાધાન

- આચાર્ય સોમદેવ આર્ય

**જિજ્ઞાસા : સૂક્ષ્મ શરીરનાં ૧૭ તત્વો ક્યા - ક્યા છે ?**

**સમાધાન :** શરીર ત્રણ છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ આમાં સૂક્ષ્મ શરીરનાં સ્વરૂપ વિશે મહર્ષિ દયાનંદ લખે છે. 'પાંચ-પ્રાણ, પ્રાંચ જ્ઞાનઇન્દ્રિયો, પાંચ સૂક્ષ્મ ભૂત, મન તથા બુદ્ધિ આ સત્તર તત્વોના સમૂહને સમૂહને સૂક્ષ્મ શરીર કહે છે.' આ સૂક્ષ્મ શરીર જન્મ-મરણમાં સાથે રહે છે. સ્થૂલ શરીર વિના સૂક્ષ્મ શરીર કાર્ય કરી શકતું નથી. જેવી રીતે સ્થૂલ શરીર એ આત્માનું કર્મ કરવાનું સાધન છે તે જ રીતે આ સૂક્ષ્મ શરીર પણ આત્મા માત્ર સૂક્ષ્મ શરીર વડે પોતાનું પ્રયોજન સાધી શકતો નથી. આત્મા શરીર વડે પોતાનું પ્રયોજન સાધી શકતો નથી. આત્મા પોતાનો હેતુ ત્યારે જ પાર પાડી શકે કે જ્યારે એને સૂક્ષ્મ શરીરની સાથે સ્થૂલ શરીર પણ મળે.

**જિજ્ઞાસા : મહર્ષિ દયાનંદ સરસ્વતીએ સત્યાર્થ પ્રકાશના નવમા સમ્મુલાસમાં મુક્તિનો આનંદ ભોગવનાર જીવ ગુણ સ્વરૂપ સૂક્ષ્મ શરીર અથવા સંકલ્પ શરીર પણ કહે છે, આ શરીર કઈ રીતે પ્રાપ્ત થાય છે અને ક્યારે, શાના વડે, ક્યારે પ્રારંભ થાય છે ?**

**સમાધાન :** આત્મા મુક્તિનું સુખ સ્વાભાવિક સામર્થ્યથી ભોગવે છે, નહીં કે પ્રાકૃતિક સાધનો વડે. જે સંકલ્પ અથવા અભૌતિક કે સ્વાભાવિક શરીર વડે આત્મા મુક્તિનો આનંદ ભોગવે છે. આ શરીર ક્યાંયથી કોઇ પણ રીતે પ્રાપ્ત થતું નથી. તેનો ક્યાંયથી આરંભ થતો નથી. તે આત્માનું કર્મ કરવાનું સાધન છે. અંતર એટલું છે કે આત્મા પોતાનું સ્વરૂપ છે, જે હંમેશા આત્માની સાથે રહે છે. આ સ્વરૂપ અનાદિ છે. તેનો પ્રારંભ કે અંત નથી. પોતાના આ સ્વાભાવિક સ્વરૂપ વડે આત્મા પરમેશ્વરની કૃપાથી મોક્ષ સુખ ભોગવે છે.

**જિજ્ઞાસા : શું એ સંભવ છે કે પ્રાણી સુખ પણ ભોગવે અને રાગ પણ ઉત્પન્ન ન થાય. એવું તો સંભવ છે કે વસ્તુનો માત્ર ઉપયોગ કરવાથી રાગ ઉત્પન્ન ન થાય.**

**સમાધાન :** હા, એ સંભવ છે કે પ્રાણી સુખ પણ ભોગવે અને રાગ પેદા ન થાય. આ સ્થિતિ વિતરાગ અવસ્થામાં જ સંભવ છે. વિવેક ખ્યાતિ પ્રાપ્ત કરેલ યોગી વસ્તુમાં સુખ લેવા છતાં પણ રાગ ઉત્પન્ન થવા દેતા નથી. વિવેક ખ્યાતિ પ્રાપ્ત કર્યા પહેલા સુખ લેનારમાં રાગ ઉત્પન્ન થઇ શકે છે. આને એમ પણ કહી શકાય કે જ્યારે વ્યક્તિ વિદ્યાપૂર્વક સુખ લે છે તો રાગ ઉત્પન્ન થતો નથી. એનાથી વિપરીત જ્યારે વ્યક્તિ અવિદ્યા યુક્ત રહીને સુખ લે તો રાગ ઉત્પન્ન થાય છે. માત્ર વસ્તુનો ઉપયોગ કરવાથી રાગ ઉત્પન્ન ન થાય એ અસંભવ છે. જો વ્યક્તિ અવિદ્યાથી યુક્ત હશે તો વસ્તુનો માત્ર ઉપયોગ કરવાથી પણ રાગ પેદા થશે જ. રાગ પેદા ન થવાનો આધાર વિદ્યા છે, અને રાગ પેદા થવાનું કારણ અવિદ્યા છે.

**જિજ્ઞાસા : વેદો અને ઉપનિષદો દ્વારા એવું જાણવા મળે છે કે ભૂતકાળની ઉકેલાયેલ - અણઉકેલાયેલ ચર્ચાઓ, વિષયોને દફનાવી દેવા જોઇએ, પરંતુ અનેક ઉપાયો કરવા છતાં પણ ભૂતકાળની વાતને દફનાવવામાં આત્મા અને મન અક્ષમ રહે છે.**

**સમાધાન :** આપણાં મનમાં અનેક પ્રકારનાં સારા-ખરાબ સંસ્કારો રહેલા હોય છે. આ સંસ્કારોના આધારે જ આપણે સારા કે ખરાબ કર્મ કરતા રહીએ છીએ. આમ, કરીને આપણે પેલા સંસ્કારોને વધુ મજબૂત બનાવીએ છીએ. આપણે જ્ઞાન-કર્મ અને ઉપાસના વિના એક ક્ષણ પણ રહી શકતા નથી. પોતાનાં શુદ્ધ સંસ્કારોના આધારે વ્યક્તિ કાં તો શુદ્ધજ્ઞાન, શુદ્ધ કર્મ કે શુદ્ધ ઉપાસના, કરે છે અથવા અશુદ્ધ સંસ્કારોના આધારે અશુદ્ધ જ્ઞાન, અશુદ્ધ કર્મ કે અશુદ્ધ ઉપાસના કરે છે. આમ કરવાથી આપણાં તે જ પ્રકારના સંસ્કારો (શુદ્ધ કે અશુદ્ધ) વધુ પ્રબળ હશે, આપણે તે જ સંસ્કારો ને વશ થઇને કર્મ કરતા હોઇશું અથવા કરીએ છીએ. આથી આપણે આપણાં મન પર જેટલાં બને તેટલાં સારા સંસ્કારોની છાપ પાડવી જોઇએ. એટલે કે સારી વૃત્તિ જગાડવી, સારા કાર્યો કરવા, શુદ્ધ જ્ઞાનનો આશરો લેવો, શુદ્ધ ઉપાસના કરવી. આથી આપણાં સંસ્કારો પરિષ્કૃત થશે. સારા થશે. એનાથી વિપરીત સંસ્કારો પરિષ્કૃત નહીં થાય.

વેદ કે ઉપનિષદોમાં એવું જણાવેલ હોય કે ભૂતકાળથી ઉકેલાયેલ કે નહીં ઉકેલાયેલ ચર્ચાઓ, વિષયોને દફનાવી દેવા જોઇએ. એવું વાંચ્યું કે સાંભળ્યું તો નથી. હા એ જરૂરી છે કે જ્ઞાનમાં વૃદ્ધિ કરીને અવિદ્યાના સંસ્કારોને નષ્ટ કરી દેવા જોઇએ. જેથી જીવાત્મા નિર્મળ થઇને મોક્ષને પ્રાપ્ત કરે સંસ્કારો નષ્ટ કરી દેવા છતાં પણ પાછલી સ્મૃતિ ભૂલાતી નથી.

જે ચર્ચાઓ, વિષયો ઉકેલાયેલ ગયેલ છે તેને ભૂલવાના નથી હોતા પરંતુ તેનાથી જે અનુભવ મળ્યો છે, તેનાથી આપણાં કાર્યો સિદ્ધ થશે. તેને દફનાવવાથી નહીં. જે અણઉકેલ બાબતો છે તેને દફનાવવું યોગ્ય નથી. કારણ કે જે અણઉકેલ પ્રશ્નો છે, તેને સુલઝાવવી એમાં જે આપણું કલ્યાણ છે. બુદ્ધિમત્તા અને હોશિયારી તો તેમાં છે કે આણઉકેલ બાબતોને શક્ય તેટલી જલ્દી ઉકેલી લેવી જોઇએ. આમ નહીં કરીએ તો તેના ગમે ત્યારે તો પડશે જ. આ જન્મમાં નહીં તો આવતા જન્મમાં. જે જીવાત્માએ પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરી છે તે જ જીવાત્મા સંસાર અને ઇશ્વર સાથે સમજદારી પૂર્વક વહેવાર કરીને મોક્ષ સુખ મેળવી શકશે.

અણઉકેલ બાબતોને દબાવવાથી કે તેનાથી ભાગવાથી તો ભાગતા-ભાગતા વૃદ્ધાવસ્થા આવી જશે. પ્રશ્નોનો સમાનો કરનાર દૃષ્ટા ભાવ રાખનાર અને તેને વશમાં રાખનાર જ વીર કહેવાય છે. આ કામ તે જ વ્યક્તિ કરી શકે છે કે જે ઉત્તમકોટિનો ઉપાસક હોય. ઉત્તમ કોટિનો ઉપાસક આવી બાબતોથી પ્રભાવિત થતો નથી.


આ સંસારમાં પરમેશ્વરની એવી વ્યવસ્થા છે કે વ્યક્તિની માથે ગમે તેટલું દુઃખ આવી જાય તે દુઃખ કાળક્રમે સ્વાભાવિક રીતે દૂર થઇ જ જાય છે. દુઃખની સ્મૃતિ હોવા છતાં તેને ભૂલી ગયા જેવું અનુભવે છે, પરંતુ જ્યારે પણ તે સ્મૃતિ જાગે છે તો ફરીને દુઃખ અનુભવે છે. પરંતુ આ અનુભવ પહેલાં કરતા ઓછા હોય છે.

વિવેકી વ્યક્તિને આ દુઃખ સંસારથી વૈરાગ્ય પ્રાપ્ત કરાવે છે. અને અવિવેકી દુઃખને જોઇને શોકમાં ડૂબી જાય છે.

## આવો, પરિચય કરીએ
## મહર્ષિ દયાનંદ રચિત ગ્રન્થોનો...

**ગતાંકથી ચાલુ.....**

પં. યુધિષ્ઠિર મી માંસંકજી એ ભગવદદાજી દ્વારા સંગ્રહીત અને રામલાલ કપૂર ટ્રસ્ટ લાહોર દ્વારા પ્રકાશિત સંગ્રહ કે જેને સન્ ૧૯૪૭ના દેશ વિભાજન વખતે સળગાવી નાંખવામાં આવેલ હતો તેનું પુનઃ સંપાદન અને પ્રકાશન કરવાની જવાબદારી સન્ ૧૯૫૩માં લીધી. જેના પરિણામો સન્ ૧૯૫૫માં ઋષિદયાનંદ કે પત્ર ઔર વિજ્ઞાપનનું દ્વિતીય સંસ્કરણ પ્રકાશિત થયું જેમાં પત્રોની સંખ્યા ૬૮૦ છે. ત્રીજું બૃહદ્ સંસ્કરણ પણ પ્રકાશિત થયું.



# અંધવિશ્વાસ અને તેનું નિવારણ



- મદન રહેજા

અંધ વિશ્વાસ : **સત્યનારાયણનું વ્રત અને કથા કરવાથી દિર્ઘાયુ પ્રાપ્ત થાય છે.**

**નિવારણ :** સત્યનારનયણનું વ્રત રાખવું એ અનેક રીતે માનવ જીવનનો લાભકારી છેપરમપિતા પરમાત્માના સત્ય રૂપે છે, તેમને સાક્ષી માનીને સત્યનું આચરરણ કરવાથી જીવનમા સરળતા અને સફળતા મળે છે. તથા માનસિક અને આત્મિક બળના પ્રાપ્તિ થાય છે જીવનમાં સુખ-શાંતિ આવે છે આયુષ્ય વધે છે.

ઈશ્વરમાં પૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ રાખવો તેજ સત્યનારાયણનું વ્રત છે. વેદાનુકુળ આચરણ પ્રાકૂતિક નિયમોનું પાલન ,શુધ્ધ ખાન-પાનં અને યોગાભ્યાસથી આયુષ્યની નિશ્ચિતરૂપે આયુષ્યની વૃધ્ધિ થાય છે , પરંતુ લોકોનાં પ્રચલિત સત્યનારાયણનું વ્રત એ એક પૈરાણિક કથા છે જેમાં વિવિધ વાર્તા ઓ આપવામા આવેલ છે. આ વાર્તા ઓમાં ઉપરોક્ત વ્રતો મા સમજૂતિના બદલે પ્રસાદ ખાવાથી ફળની પ્રાપ્તિ અને ન ખાવાથી હાનિ વગેરે જેવી વાતો કહેવામા આવી છે. વ્રત એ લોભ-લાલચ માટે કે વ્યકિતને ડરપોક બનાવવા માટે નથી હોતા પરંતુ પુરુષાર્થી અને નિર્ભય બનાવવામાટે ના હોય છે. વેદો નો શંદેશ છે, સત્યનું ધારણ કરવું અને અસ્તયનો ત્યાગ કરવો. પરમ-પિતા પરમાત્માના અન વ્રતનું પાલન કરવામાં સામર્થ્ય પ્રદાન કરે એ પ્રાથના કરવાનીછે.


અંધ વિશ્વાસ : **મંત્ર-તંત્રથી આયુષ્ય વધે છે.**

**નિવારણ :** મંત્ર-તંત્ર કે એવુ કરનારા સ્વાર્થી તાંત્રિકો જો કોઇને દીર્ધાયુ બનાવી શકતા હોય તો તેઓ પોતાની આયુ શા માટે વધારતા નથી ?એ લોકોની નબળાઇનો લાભકઇ, તેઓના અંધારામાં રાખીને તેમનુ ધન પડાવી લેવુ આડુ-અવળુ બોલીને આંખો પહોળી કરીને આમતેમ ઘુમાવીને ભ્રમરો ઊંચી ચઢાવીને એવુ ડરામણુ દશ્ય ઊભુ કરીદે કે આવનાર દુઃખી વ્યકિત તેના વશમાં થઇ જાય.આ દ્રુશ્ય તી જાનવર પણ મુર્ખ બનીને સત્ય શુ છે તેની સમજણ કે ગુમાવી દે છે આવા લોકો પાસે જવાથી એક રતીભર પણ લાભ થતો નથી પરંતુ ધનની બરબાદી થાય છે.





મહર્ષિ દયાનંદ સરસ્વતીએ 'વ્યવહારભાનુ' પુસ્તકમાં શિક્ષાપ્રદ દૃષ્ટાંતો આપેલાં છે. જેના આધારે ભારત મકવાણાએ બાળકો માટે ચિત્રકથા તૈયાર કરી છે. જેનુ પ્રકાશન આર્ષ સાહિત્ય પ્રચાર ટ્રસ્ટ દિલ્લી દ્વારા કરવામાં આવેલ છે. 'આર્ય વૈદિક દર્શન'ના બાળ વિભાગમાં તેનો ગુજરાતી અનુવાદ ક્રમશઃ પ્રકાશિત કરવામાં આવે છે. વડીલો પોતાના બાળકોને એ વાંચવા પ્રેરણા આપશે એવી આશા છે. - સહસંપાદક

**ગતાંકથી ચાલુ....**




દાદાજીએ બાળકોને સમજાવવા માટે વધુ એક પ્રશ્ન પૂછ્યો -
બરાબર, તો બાળકો હવે એ કહો કે મનુષ્યના જીવનમાં સૌથી વધુ મહત્વપૂર્ણ વસ્તુ શું છે ?
દાદાજી, આપ જ કહો અમને એની ખબર નથી.
જુઓ, બાળકો જીવનમાં સૌથી વધુ મહત્વપૂર્ણ છે બુદ્ધિ અને જ્ઞાન. જેની પાસે સત્ય જ્ઞાન અને શ્રેષ્ઠ બુદ્ધિ છે તેની પાસે બધું જ છે.


પરમાત્મા સત્ય જ્ઞાનનો ભંડાર છે અને તે જ આપણને બુદ્ધિ આપે છે આથી આપણે પરમાત્મા પાસે સારી બુદ્ધિની પ્રાર્થના કરવી જોઇએ.
દાદાજીએ બાળકોને વધુ એક પ્રશ્ન પૂછયો -
બાળકો, હવે એ કહો કે ઇશ્વરની ભક્તિ, પ્રાર્થના, ઉપાસના કરવાથી શું લાભ થાય? જો તમને સમજાય ગયું હોય તો બતાવો. અપૂર્વા સૌથી પહેલા તું બતાવ.
તે પરમાત્માએ આપણને બધું જ આપ્યું છે, તે જ આપણને મદદ કરે છે. આપણો ભય દૂર કરે છે.
સંધ્યા થતા જ દાદાજી બાળકોને લઇને ઘર તરફ જવા નીકળ્યા.


ઘરે પહોંચીને પણ બાળકોમાં તે સર્વશક્તિમાન પરમાત્મા વિશે વધુ જાણવાની ઉત્સુકતા ઓછી ન થઇ.
દાદજી ! તે પરમાત્માની નજીક રહેવાથી સારા ગુણ મળે છે, તે આપણી બુદ્ધિને પ્રકાશમાન કરે છે તેનાં આપણા પર ઘણાં ઉપકાર છે.
દાદાજી ! એક વાત તો દીદી ભૂલી ગઇ કે તે પરમાત્મા આપણો ભાઇ, માતા, પિતા છે. તેની સાથે આપણાં ઘણાં બધાં સંબંધો છે.
શાબાશ બાળકો ! શૌર્ય તે ઘણી ઝડપથી સમજી લીધું.
તો બાળકો હવે એ કહો કે તે પરમાત્મા, ઇશ્વર, ભગવાનને માનવા જોઇએ કે નહીં? તેની પ્રાર્થના કરવી જોઇએ કે નહીં?
જરૂર માનવા જોઇએ, તેની પ્રાર્થના બધાંએ કરવી જોઇએ.
શાબાશ બાળકો !



બીજા દિવસે સવારે -
બાળકો! આજે તમે પણ મારી સાથે તે સર્વશક્તિમાન પરમાત્માની પ્રાર્થના કરો.
ओम् भूर्भुवः स्वः । तत्सवितुर्वरेण्यम् । भर्गो देवस्य धीमहि । धियो यो नः प्रचोदयात् ।
ओम् भूर्भुवः स्वः । तत्सवितुर्वरेण्यम् । भर्गो देवस्य धीमहि । धियो यो नः प्रचोदयात् ।
આ રીતે બાળકો દાદાજી પાસે બેસીને તે પરમાત્મા ભગવાનની પ્રાર્થના-સંધ્યા કરવા લાગ્યા.
એક દિવસ અપૂર્વાએ ગાયત્રી મંત્રનો અર્થ પૂછયો -+
દાદાજી આ ગાયત્રી મંત્રનો અર્થ સમજાવો.
અપૂર્વા! આ ગાયત્રી મંત્ર દ્વારા પરમાત્માની પ્રાર્થના અને ગુણગાન કરવામાં આવેલા છે - ધ્યાનથી સાંભળો
હે પ્રાણસ્વરૂપ, દુઃખહર્તા અને સર્વવ્યાપક, આનંદ આપનાર પ્રભો! આપ સર્વજ્ઞ અને સકળ જગતના ઉત્પાદક છો. અમે આપના પૂજનીય, પાપનાશક, તેજ સ્વરૂપનું ધ્યાન કરીએ છીએ. જે અમારી બુદ્ધિને પ્રકાશિત કરે છે. હે પિતા અમારી બુદ્ધિને હંમેશા સન્માર્ગમાં પ્રેરિત કરો. એવી અમે આપને પ્રાર્થનાં કરીએ છીએ.
બાળકો! તમે જ્યારે મુંબઇ આવશો ત્યારે ઈશ્વરની બાબતમાં વધારે સમજાવીશ.
રજાઓ પૂરી થતા બાળકો જ્યારે મુંબઇ થી દિલ્લી પોતાના ઘરે પરત આવ્યા ત્યારે ત્યાં પણ ભગવાનની પ્રાર્થના સંધ્યા કરવાનું નિત્યક્રમ બનાવી લીધું.


समाप्त

# ગુજરાત નુ ગતિશીલ....... આર્યજગત

## આન્તરીષ્ટ્રિય આર્ય મહાસંમેલન - ૨૦૧૮
## સફળતા પૂર્વક સમ્પન્ન
## **ગુજરાતથી ૫૦૦થી વધુ આર્યોએ ભાગ લીધો**



જેની ઘણાં સમયથી અતુરતાપૂર્વક રાહ જોવાઇ રહી હતી તે અન્તર્રાષ્ટ્રિય આર્ય મહાસંલેન - ૨૦૧૮ દિલ્લી ખાતે સફળતાપૂર્વક સમ્પન્ન થયું છે. આ મહાસંમેલનનું ઉદ્‌ઘાટન મહામહીમ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીએ દીપ પ્રગટાવી કર્યુ હતું. આ સમયે ભારત ઉપરાંત ૨૮ દેશોના આર્યોની વિશાળ હાજરીએ આર્યોની એકતાનું પ્રતિબિંબ પાડયું હતું. રાષ્ટ્રપતિ મહોદયે પોતાના ઉદ્‌ઘાટન પ્રવચનમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીને સ્મરણાંજલિ અર્પિત કરતા તેમના કાર્યોને બિરદાવ્યા હતાં અને પોતાના આર્યસમાજ સાથેના સંબંધોને યાદ કર્યા હતા.

ચાર દિવસીય આ મહાસંમેલનમાં મુખ્ય મંચ પર પ્રતિદિન વિવિધ રાજ્યોના રાજ્યપાલ જેમાં હિમાચલપ્રદેશના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, સિક્કિમના રાજ્યપાલશ્રી ગંગાપ્રસાદજી, આસામના રાજ્યપાલશ્રી જગદીશમુખીજી તેમજ કેન્દ્ર અને રાજ્યોના અનેક પ્રધાનો સર્વશ્રી

ડૉ. સત્યપાલસિંહજી આર્ય (માનવ સંશાધન વિકાસ રાજ્ય મંત્રી) શ્રી યોગી આદિત્યનાથજી (મુખ્યમંત્રી ઉત્તરપ્રદેશ), શ્રી મનોહરલાલ ખટ્ટર (મુખ્યમંત્રી, હરિયાણા), શ્રી મનીષ સિસોદિયા (નાયબ મુખ્યમંત્રી, દિલ્લી રાજ્ય), શ્રી નીતિન ગડકરી (કેબીનેટ મંત્રી, કેન્દ્ર સરકાર), સંસદ સદસ્ય સ્વામી સમેધાનંદજી વગેરે ઉપરાંત બાબા સ્વામી રામદેવ, આચાર્ય બાલકૃષ્ણ ઉપસ્થિત રહેલ.

મહાસંમેલનના સમાપન કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે કેન્દ્રીય ગૃહમંત્રી માનનીયશ્રી રાજનાથસિંહ ઉપસ્થિત રહેલ. મહાસંમેલનમાં વિવિધ સંમેલનો વિવિધ વિષયો ઉપર રાખવામાં આવેલ. જેમાં આર્યજગતના દિગ્ગજ વિદ્વાનો આચાર્ય વાગીશજી, ડૉ. સોમદેવ શાસ્ત્રી, ડૉ. વિનય વિદ્યાલંકાર, ડૉ. રાજેન્દ્ર વિદ્યાલંકાર, સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક (રોજડ), સ્વામીવિવેકાનંદ સરસ્વતી (મેરઠ), આચાર્ય વિજયપાલજી (ઝજ્જર), સ્વામી ધર્મેશ્વરાનંદજી, આચાર્ય આશીષજી (દહેરાદૂન) વગેરેએ ઉપસ્થિત રહી મનનીય ઉદ્બોધન કરેલ.

સંમેલનમાં વિશાળ મુખ્ય મંચ ઉપરાંત ૧૯ અન્ય હોલ બનાવવામાં આવેલ. જેમાં વિવિધ વિષયો ઉપર પ્રવચનો, શંકા સમાધાન, સાંસ્કૃતિક કાર્યક્રમ, વિભિન્ન ભાષાઓમાં વેદજ્ઞાન પર ચર્ચા, યજ્ઞ-હવન અને પર્યાવરણ શુદ્ધિ પર ચર્ચા વગેરે ચાલતા હતા.

સંમેલનમાં ભોજન વગેરેની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવેલ હતી. આશરે ૧૦,૦૦૦ યજ્ઞ કુંડો પર યજમાનોએ બિરાજીને એક સાથે યજ્ઞ કર્યો હતો. એક સાથે આટલાં યજમાનો દ્વારા થયેલ સમૂહ યજ્ઞ એક વિશ્વ રેકોર્ડ હતો. અસ્થાયીરૂપે વાંસથી બનાવેલ વિશાળ યજ્ઞશાળા, ગુરુકુળ, ગૌશાળા વગેરે ધ્યાન આકર્ષક હતાં.


સાર્વદેશિક આર્યવીર દળ દ્વારા સામૂહિક વ્યાયામ પ્રદર્શન યોજવામાં આવેલ હતું. તેમજ લેસર શો દ્વારા મહર્ષિ દયાનંદના જીવનની ઝાંખી કરવામાં આવેલ હતા. સમગ્ર પરિસરને મહર્ષિ દયાનંદનગર નામ આપવામાં આવેલ હતું. રોહિણી સ્થિત સ્વર્ણજ્યંતિ પાર્ક આશરે ૫૦ એકર મેદાનમાં વિવિધ પ્રકારના પ્રદર્શનો સ્ટેચ્યુ, બેનર, વિશાળ કદનાં વેદ અને ઋષિકૃત ગ્રન્થોના નમૂના, ૨૮ દેશોના રાષ્ટ્રધ્વજ સાથે ઉચ્ચ સ્તંભ પર ઓમ્ધ્વજ સ્થળ વગેરેથી સમગ્ર પરિસર શોભામાન લાગતું હતું. મહાસંમેલનને સફળ

બનાવવામાં સાર્વદેશિક સભાના પ્રમુખશ્રી સુરેશચંદ્ર આર્યના નેતૃત્વમાં સભામંત્રીશ્રી પ્રકાશ આર્ય, દિલ્લી આર્ય પ્રતિનિધિ સભાના પ્રમુખશ્રી ધર્મપાલ આર્ય, મહામંત્રીશ્રી વિનય આર્ય અને તમામ પધિકારીઓએ લગભગ છેલ્લા પાંચ-છ મહિનાથી દિન-રાત જોયા વિના તનતોડ મહેનત કરી હતી. દિલ્લીની આર્યસમાજોના પદાધિકારીઓ અને સદસ્યોની તન-મનથી થયેલ સેવા વિના કાર્યક્રમ આટલી સફળતા ન મેળવી શકત.

સમગ્ર કાર્યક્રમની સ્વાગતાધ્યક્ષ મહાશય ધર્મપાલની પ્રેરણાદાયી ઉપસ્થિતિ સૌમાં નવું જોમ પેદા કરતી હતી.

## ચરોતર પ્રદેશ આર્યસમાજના યોગ કેન્દ્રમાં ષટ્ કર્મની ક્રિયા

## **શંખપ્રક્ષાલનની ક્રિયાઓ કરતા યોગ-સાધક**



શંખ પ્રક્ષાલન તા: ૨૦/૧૦/૨૦૧૮ આર્યસમાજ, આણંદ

ચરોતર પ્રદેશ આર્યસમાજના કાયમી ધોરણે ચાલતા યોગકેન્દ્રમાં કેન્દ્ર સંચાલક યોગાચાર્ય સુરેશભાઇ ભટ્ટ (હાડવૈદ્ય) અષ્ટાંગના ષટ્કર્મનું ત્રીજુ અંગ શંખપ્રક્ષાલનની (બસ્તિ) વિધિ સાધકોને સફળતાપૂર્વક કરાવી હતી.

આ વિધિમાં સાધકોને લીંબુ અને મીઠાનું દ્રાવણ ક્રમેક્રમે વીસથી પચ્ચીસ ગ્લાસ પીવડાવી સાથે યૌગિક ક્રિયાઓ કરાવી ૧ કલાકમાં દશ વખત મળ-વિસર્જન કરાવ્યું હતું. અંતમાં મુખથી કુંજરક્રિયા કરાવી સમગ્ર પાચનતંત્ર સ્વચ્છ કરાવ્યું હતું. આથી યોગ સાધકો ખૂબ જ પ્રભાવિત થયા હતા.

શંખપ્રક્ષાલનની ક્રિયામાં દશ સાધકોએ ભાગ લીધો હતો. પાચન તંત્રની અનેક વ્યાધિઓ દૂર કરી શકાય છે, તથા ધ્યાન-સાધનામાં સાધકની ઝડપથી એકાગ્ર થઇ શકાય છે. યોગ-સાધકે અનુભવી યોગાચાર્ય પાસેથી આ ક્રિયા અવશ્ય શીખી લેવી જોઇએ.

ચરોતર પ્રદેશ આર્યસમાજના પદાધિકારીઓના સંપૂર્ણ સાથ અને સહકારથી યોગકેન્દ્ર દિન પ્રતિદિન પ્રગતિ કરી રહ્યું છે.

# આર્ય મહાસંમેલનમાં જવા ગુજરાતથી દિલ્લીની આર્ય યુવકોએ વિશ્વ શાંતિ બાઇક યાત્રા યોજી


## ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું આયોજન ઠેર–ઠેર થયું ભવ્ય સ્વાગત



**યાત્રામાં સામેલ યજ્ઞ રથ**

દિલ્લી ખાતે યોજાયેલ આર્ય મહાસંમેલનમાં ગુજરાતમાંથી સેંકડો આર્ય ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો. તેમાં સૌનું ધ્યાન એ આર્ય યુવકો તરફ ખેંચાયુ હતું કે જેઓ ગુજરાતથી દિલ્લી સુધી બાઇક દ્વારા પહોંચ્યા હતા.

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાએ કરેલ આહ્વાનને ઉત્સાહી યુવકોએ વધાવી લીધું હતું. ટંકારા, સાયલા, ધાંધલપુર, ભાવનગર, ટીલા, નવસારી, સુરત, [illegible] વગેરે સ્થળોએથી આર્ય યુવકો જોડાયા હતા. ૧૫ બાઇક ૬ કાર સાથે કુલ ૫૪ યુવકોની યાત્રા તા. ૨૧ ઓક્ટો. ૨૦૧૮ના રોજ સવારે ૮.૩૦ કલાકે મહર્ષિ દયાનંદ સ્મારક ટ્રસ્ટ, ટંકારા ગુરુકુલ અને ગુરુકુલ સૂપાથી એક સાથે પ્રારંભ થયો હતો. ટંકારા ખાતે આચાર્ય રામદેવજી અને શ્રી હસમુખભાઇ પરમાર (મંત્રીશ્રી, ગુજ. આ. પ્ર. સભા)એ અને ગુરુકુળ સૂપા ખાતે શ્રી જિગરભાઇ દેસાઇ (મંત્રીશ્રી, ગુરુકુલ સૂપા)એ બાઇક યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. આર્યસમાજ ટંકારા અને ગુરુકુલ સૂપા અને ગુરુકુળ ટંકારના અધિકારીગણ, સદસ્યો-આચાર્ય, અધ્યાપક ગણ તેમજ ગુરુકુળ સૂપાના મુખ્યઅધિષ્ઠાતાશ્રી સુરેશભાઇ રત્નાણી તથા કર્મચારી ગણ,


**ટંકારાથી વિદાય આપતા આ. રામદેવજી**

વિદ્યાર્થીઓ અને ગુજ. પ્રા. સભાના દ. ગુજ.ના મંત્રીશ્રી હસમુખભાઇ આર્ય (સોની) તથા આર્યસમાજ નવસારીના પદાધિકારીઓ સદસ્યો હાજર રહ્યાં હતા.



ગુરુકુલ સૂપાથી પ્રસ્થાન કરાવતા શ્રી જિગરભાઇ દેસાઇ

સુરત-નવસારી રૂટનું નેતૃત્વ ડૉ. ઉમાશંકરજી આર્ય અને ટંકારા રૂટનું નેતૃત્વ શ્રી આર્યબંધુજીએ સંભાળ્યું હતું. યાત્રા પોતાના ગંતવ્ય સ્થાન દિલ્લી જવા માટે પ્રસ્થાન કરી જેમ જેમ આગળ વધતી ગઇ તેમ-તેમ યાત્રીઓનો ઉત્સાહ વધારવા ઠેર-ઠેર આર્યસમાજો દ્વારા ભવ્ય સ્વાગત સન્માન કરવામાં આવ્યાં. ગુરુકુળ સૂપાથી રવાના થયેલ યાત્રાનું આર્યસમાજ ભટાર રોડ, સૂરત દ્વારા સ્વાગત્ કરવામાં આવ્યું અને અહીંથી વધુ યાત્રિકો જોડાયા. આગળ વધતી યાત્રાનું આર્યસમાજ ભરૂચ દ્વારા શ્રીનાથુભાઇ ડોડિયાના નેતૃત્વમા સ્વાગત અને બપોરના ભોજનનું આયોજન કરવામાં આવ્યું. ત્યાંથી આર્યસમાજ બેસણા અને આર્યસમાજ નેત્રંગના યાત્રિકો પોતાના બાઇક અને કાર સાથે જોડાયા હતા. યાત્રા આગળ વધી વડોદરા પહોંચી આર્યસમાજ વડોદરા દ્વારા પ્રમુખશ્રી આર. પી. વર્માના નેતૃત્વમાં આર્ય ભાઇ-બહેનોએ ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યુ. ત્યાંથી યાત્રા આણંદ પહોંચી જ્યાં પ્રમુખશ્રી કનકસિંહ વાઘેલા અને મંત્રીશ્રી અશોકભાઇ પટેલના નેતૃત્વમાં ૬ બાઇક અને એક મોટર ગાડીને યાત્રામાં જોડાવા વિદાય આપી. આગળ વધેલ યાત્રા નડિઆદ પહોંચી ત્યાં સ્વાગત માટે પં. દિનેશચંદ્રજી અને આર્યસમાજના પદાધિકારીઓ તત્પર હતા. આ રૂટ પરની યાત્રા સાંજે લગભગ ૬ કલાકે અમદાવાદ પહોંચી.

ટંકારાથી પ્રારંભ થયેલ યાત્રાનું સ્વાગત્ રાજકોટ આર્યસમાજ, હાથીખાના, રાજકોટ દ્વારા મંત્રીશ્રી પ્રવીણચંદ્ર ઠાકરના નેતૃત્વમાં કરવામાં આવ્યું. ત્યાંથી આગળ વધેલ યાત્રા ચોટીલા થઇ સાયલા પહોંચી જ્યાં

લાલજી મહારાજની જગ્યામાં મહંતશ્રી દુર્ગાદાસજીએ સ્વાગત્ કરી શુભેચ્છા પાઠવી. આશીર્વાદ આપ્યાં અને બપોરનું ભોજન કરાવ્યું. અહીં વધુ યાત્રીઓ બાઇક અને કાર સાથે જોડાયા. યાત્રા આગળ વધી લીંબડી પહોંચી જયાંના યુવકોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભવ્ય સ્વાગત કર્યુ. અહીં વધુ યાત્રીઓ જોડાયા. યાત્રા લગભગ સાંજે ૬ કલાકે અમદાવાદ પહોંચી. જ્યાં સનાથલ ચોકડીએ બંને રૂટ મળતા સુંદર દશ્યનું નિર્માણ થયું. આર્યસમાજ (કાંકરિયા) અમદાવાદના પ્રમુખશ્રી ડૉ. કમલેશકુમાર શાસ્ત્રી, મંત્રીશ્રી શશીબેન અને સદસ્યો તેમજ આર્યસમાજ ચાંદલોડિયા, આર્યસમાજ થલતેજ, વૈદિક સંસ્થાન ઓઢવ વગેરેનાં પદાધિકારીઓ, સદસ્યો પુરોહિતોએ બહોળી સંખ્યામાં હાજર રહી ભવ્ય સ્વાગત કર્યુ. યાત્રાને શોભાયાત્રાનું સ્વરૂપ આપી આર્યસમાજ મંદિર (કાંકરિયા) સુધી લઇ જવામાં આવી. અહીં ડૉ. કમલેશકુમાર શાસ્ત્રીએ મનનીય ઉદ્બોધન કરી યાત્રિકોનો ઉત્સાહ વધારી યાત્રાનો હેતુ અને માર્ગમાં ધ્યાનમાં લેવાની બાબતો સમજાવી. રાત્રિ ભોજન અને વિશ્રામ કરી બીજા દિવસે સવારે આર્યસમાજ દ્વારા ભાવભીની વિદાય આપી આગળ સુધી વળાવવા ગયા.

તા. ૨૪ ઓકટો. ૨૦૧૮ના દિલ્લી પહોંચતા સુધીમાં રાજસ્થાન, હરિયાણા અને દિલ્લી રાજ્યની, આબુ રોડ, પાલી, વ્યાવર, અજમેર, જયપુર, અલવર વગેરે આર્યસમાજોએ અવિસ્મરણીય સ્વાગત કર્યુ. કાર્યક્રમ પૂર્ણ કરી પરત ફરતી યાત્રાનું ગુરુકુળ ઇન્દ્રપસ્થ, મથુરા, આગરા, કોટા, ચિતોડ, ઉદયપુર વગેરે સ્થળો સ્વાગત સન્માન થયું અને તા. ૩૧ ના ઓકટો રોજ બપોરે ૧ કલાકે ગુજરાતની રાજધાનની ગાંધીનરગ ખાતે આર્યસમાજ સેકટર ૨૪ માં ડૉ. કમલેશકુમાર શાસ્ત્રીના નેતૃત્વમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. અને સફળતાપૂર્વક નિર્વિઘ્ને યાત્રા પૂર્ણ થવા બદલ સંતોષ વ્યક્ત કર્યો. આ પ્રસંગે યાત્રા સંયોજક આચાર્ય આર્યબંધુજીએ સહભાગીઓનો આભાર માન્યો. ડૉ. કમલેશકુમાર શાસ્ત્રીએ ગુજ. પ્રા. આર્ય પ્રતિનિધિ સભા દ્વારા આયોજિત આ વિશ્વ શાંતિ યાત્રાનું સફળ સંચાલન કરવા બદલ આચાર્ય આર્યબંધુજી, ડૉ. ઉમાશંકરજી અને યાત્રાનાં મુખ્ય પ્રબંધક તથા માર્ગદર્શક તરીકે શ્રી પ્રવીણભાઇ વસાવા (પ્રમુખ આર્યસમાજ, નેત્રંગ)ને પ્રાંતીય સભા વતી ખૂબ ખૂબ ધન્યવાદ આપ્યા. અને આ પ્રકારના કાર્યક્રમોમાં આજ રીતે ઉત્સાહપૂર્વક ભાગ લેવા આમંત્રણ પાઠવ્યું.

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા આયોજિત

**આર્યસમાજનું સંસ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીની ગુજરાત યાત્રાની ૧૪૩મી વર્ષગાંઠ નિમિત્તે વિદ્યાર્થીઓ માટે**

# આર્યસમાજ રાજકોટ દ્વારા વકતૃત્વ સ્પર્ધા

ગુજરાતના પનોતા પુત્ર, વેદોદ્ધારક મહાન સમાજ સુધારક સ્વતંત્ર્યના પ્રથમ ઉદ્દ્ઘોષક અને આર્યસમાજના સંસ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીએ પ્રચાર યાત્રા દરમ્યાન પોતાની જન્મભૂમિ ગુજરાતમાં પદાર્પણ કરેલ તેની ૧૪૩મી વર્ષગાંઠ નિમિત્તે માધ્યમિક વિભાગ (ધો. ૯ થી ૧૧)ના વિદ્યાર્થીઓ માટે રાજકોટ જિલ્લાની વકતૃત્વ સ્પર્ધાનું આયોજન આર્યસમાજ, હાથીખાના, રાજકોટ દ્વારા કરવામાં આવેલ.

ઉપરોક્ત આયોજનને અભૂતપૂર્વ પ્રતિસાદ મળેલ અને અત્યાર સુધીના આયોજનમાં ક્યારેય ન થઇ હોય એવી વિદ્યાર્થીઓની બહોળી સંખ્યા જોવા મળી. સંખ્યાની વિશાળતા ધ્યાનમાં રાખી આયોજકએ માયાણીનગર આર્યસમાજમાં ઉપર-નીચે હોલમાં બેઠક વ્યવસ્થા કરેલ તથા નિર્ણાયકોની સંખ્યા પણ વધારી ડબલ ૩ ની જગ્યાએ ૬ નિર્ણાયકોનો સ્ટાફ રાખેલ.

ઉપર- નીચે બન્ને હોલ માં ત્રણ-ત્રણ નિર્ણાયકો રાખવામાં આવ્યાં આવેલ સ્પર્ધકો માંથી ીનિર્ણાયકોએ ઉપરના વિભાગ માંથી ૧ , ૨ , ૩ એ મ ત્રણ વિદ્યાથીઓ અને નીચેના વિભાગ માંથી ૧, ૨, ૩, એમ ત્રણ વિદ્યાથીઓને પસંદ કર્યા બાદ આ છ ( ૬ ) વિર્ધાથીઓં ફરી નીચેના વિભાગ માં ૬ સ્પર્ધકો ની રસાકસી ભરેલી સ્પર્ધા થઇ અને નિર્ણાયકો એ મહામહેનત ૧, ૨, ૩, વિજેતા ઓને જાહેર કર્યા

વિર્ધાથીઓનો ઉત્સાહ અને આયોજકો ની મહેનત તેમજ નિર્ણાયકોનો પ્રોહત્સાહન જોતા આર્યસમાજના સદસ્ય એવા શ્રી માધુભાઇ પાઉ તરફથી પ્રથમ થી ૬ વિદ્યાર્થીઓને વૈદિક સાહિત્ય સેટ ભેટ આપવામાં આવેલ તથા નિર્ણાયક શ્રી નટવરભાઇ આહલપરા કે જે પોતે સારા સાહિત્યકાર છે. તેમના ઘણાં પુસ્તકો પ્રકાશિત થયેલા છે. તેમનું તાજેતરમાં પ્રકાશિત થયેલું પુસ્તક **પિતા અમારા ભાગ્ય વિધાતા** દરેકને ભેંટ આપવામાં આવ્યું.

આર્યસમાજ તરફથી બધા નિર્ણાયકોને તેમજ વિદ્યાર્થીની સાથે આવેલ વાલી તથા શિક્ષકોને પણ વૈદિક સાહિત્ય સેટ તથા બોલપેન સેટ તથા આર્યસમાજની પત્રિકા વગેરે વસ્તુઓ ભેંટ સ્વરૂપે વિતરણ કરવામાં આવેલ.

ઉપરોક્ત આયોજન તા. ૬-૧૦-૨૦૧૮ ને શનિવારે સવારે ૯-૦૦ વાગ્યે શરૂ કરવામાં આવેલ જે બપોરના ૪-૦૦ વાગ્યે પૂર્ણ થયેલ.

નિર્ણાયકોએ જે પ્રથમ ત્રણ વિજેતા જાહેર કર્યા તે ત્રણેય સ્પર્ધકોને અનુક્રમે ૧૫૦૦/-, ૧૦૦૦/-, ૫૦૦/- રૂા. રોકડા પુરસ્કાર તથા મેડલ-શીલ્ડ-તેમજ પ્રમાણપત્ર આપવામાં આવેલ તેમજ ફોટાગ્રાફરે બધાના ફોટાઓ પણ લીધેલ જે ભવિષ્યની સોનેરી યાદ બની જશે.

બહાર ગામથી જે સ્પર્ધકો આવેલ તેમને સેકન્ડ ક્લાસનું ગાડી ભાડું પણ સંસ્થા દ્વારા આપવામાં આવેલ તેમજ તમામ સ્પર્ધકોને પ્રોત્સાહન ઈનામ રૂા. ૧૦૦/- તેમજ પ્રમાણપત્ર આપવામાં આવેલ.

બધા માણસો માટે સવારે નાસ્તો તથા બપોરે સુંદર મિષ્ટાન સાથે સ્વરૂચી ભોજનની પણ સુંદર વ્યવસ્થા રાખવામાં આવેલ.

કાર્યક્રમના સમાપન સમયે આર્યસમાજના પ્રમુખશ્રી રણજીતસિંહ પરમાર તથા મંત્રીશ્રી પ્રવીણભાઈ ઠાકરે સૌનું અભિવાદન કરેલ તેમજ સંસ્થાની પ્રવૃતિની વિગત જણાવેલ.

ઉપરોક્ત આયોજનને સફળ બનાવવા માટે શરૂઆતથી સમાપ્તિ સુધી આર્યસમાજના અધિકારીગણ - તેમજ પંડીતશ્રી તથા કર્મચારી સ્ટાફ નાનાથી માંડી મોટા સુધી એકદમ જહેમત ઉઠાવી સહકાર અને શ્રદ્ધાપૂર્વક કાર્ય કરેલ અને સમાજને અતિ ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડેલ છે.

પ્રથમ ત્રણ વિજેતા અને નિર્ણાયકોના નામો નીચે મુજબ છે.

(૧) ત્રિવેદી જાહન્વી હરેશભાઈ - કે. આર. મોદી, સ્કૂલ-રાજકોટ
(૨) વિશેષ જયેશભાઈ - અક્ષર પુરુષોતમ સ્વા. હા. - ગોંડલ
(૩) પૂંજા બસરા સરફરાજભાઈ - એમ.ડી. ગર્લ્સ હાઈસ્કૂલ - ઉપલેટા

નિર્ણાયકશ્રીઓ:

(૧) શ્રી કાંતિભાઈ ગેવરીયા
(૨) શ્રીમતી શર્મીષ્ઠાબેન વોરા
(૩) શ્રી નટવરલાલ પી. આહલપરા
(૪) શ્રી કીરીટભાઈ વ્યાસ
(૫) શ્રીમતી નયનાબેન પેડલીયા

આર્યસમાજ ટંકારા દ્વારા

# વકતૃત્વ સ્પર્ધા યોજાઇ

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા પ્રેરિત મોરબી જિલ્લાની માધ્યમિક શાળાઓનાં વિદ્યાર્થીઓ માટેની વકતૃત્વ સ્પર્ધા ગત તા. ૮/૧૦/૨૦૧૮ ના રોજ આર્યસમાજ મંદિર, ત્રણ હાટડી ખાતે યોજવામાં આવેલ હતી. પ્રાંતીય સભા તરફથી ગુજરાતની તમામ આર્યસમાજોને એક સમાન વિષયો આપવામાં આવેલ હતાં. જેમાં ધો. ૯ થી ૧૧ ના વિદ્યાર્થીઓને ભાગ લેવાનો હતો.

ઉલ્લેખનીય છે કે પ્રાંતીય સભા દ્વારા છેલ્લા ચાર વર્ષથી જિલ્લા, ક્ષેત્ર અને રાજ્ય કક્ષાની વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે માત્ર જિલ્લા કક્ષા સુધીનું આયોજન કરવામાં આવેલ છે.

મોરબી જિલ્લાની સ્પર્ધા ટંકારા ખાતે યોજાઇ ગઇ. જેમાં ભાગ લેનાર તમામને આર્યસમાજ, ટંકારા દ્વારા સાહિત્ય તથા પ્રથમ ત્રણ ક્રમશઃ વિજેતા કાસુન્દ્રા દૃષ્ટિ કેતનભાઇ (ઓરપેટ કન્યા વિદ્યાલય-ટંકારા), સાણજા દેવાંગી શૈલેષભાઇ (નિર્મળ વિદ્યાલય - મોરબી), ગોસાઇ ફાલ્ગુની કિરીટગીરી (આર્ય વિદ્યાલયમ્ - ટંકારા) ને શીલ્ડ તેમજ રોકડ પુરસ્કાર અનુક્રમે રૂા. ૧૧૦૦/-, ૭૫૧/-, અને રૂા. ૫૦૧/- આપવામાં આવ્યા.

નિર્ણાયક તરીકે આચાર્ય ચન્દ્રગુપ્તજી, શ્રી અશોકભાઇ પરમાર અને શ્રી રમણીકભાઇ વડાવિયાએ સેવા આપી હતી.

અનુસંધાન પાના નં. ૬ પરનું ચાલું ...વૈદિક ઉપદેશ...

લોકો સાદવ્રતમાં ઘણા બધા ભિખારીઓને મફતમાં ભોજન આપે છે. એનાથી દાન આપનારને પ્રસિદ્ધ મળે છે. પરંતુ ભિખારીઓની દશામાં કોઇ તફાવત નથી પડતો. જો ધનવાનો ખેરાત-સદાવ્રતોમાં ભોજન વિતરણ કરવાને બદલે ભિખારીઓને કામ કરવાની (મહેનત કરવાની) પ્રેરણા આપે તો આ ભિખારીઓ થોડા દિવસમાં પોતાના પણ ઉપર ઊભા રહેવા શક્તિમાન બની શકે છે અને બીજાને પણ કામ કરવાની પ્રેરણા આપવા લાયક બની શકે છે. વૈદિક વિચારધારામાં સવિતાના પ્રેરકત્વને સમજનાર પ્રાર્થી એટલે કે પ્રાથના કરનાર ભિખારી નથી. તે મફતમાં કોઇ પદાર્થ માગતો નથી. તે ઇશ્વરના પ્રેરકત્વ પર વિશ્વાસ કરીને દુરિતોને દૂર કરવાની શક્તિ ઇચ્છે છે. રોગનો પરાજય એ જ શક્તિનો સંચાર છે. જેમ પાપની ભાવના ઓછી થતી જાય, તેમ કલ્યાણની ભાવના ઉત્પન્ન થતી જાય છે.

## આર્યસમાજ નેત્રંગ દ્વારા

# નિદાન યજ્ઞ યોજાયો



આર્યસમાજ નેત્રંગ જિ. ભરૂચ દ્વારા વનવાસી ભાઇ-બહેનો માટે સર્વ રોગ નિદાન યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું. સુરત જિલ્લાના ખેરવાડા ગામે આ નિદાન યજ્ઞનો પ્રારંભ અગ્નિહોત્ર (હવન)થી કરવામાં આવતો હતો. જેમાં ૧૦૧ વનવાસી ભાઇ-બહેનોને સામૂહિક યજ્ઞોપવિત (જનોઇ) ધારણ કરાવવામાં આવેલ હતી. તેમજ સુરત જિલ્લાના મોટા વડાળા ગામે પણ આજ પ્રકારનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. લોકોને યજ્ઞનું મહત્ત્વ સમજાવવામાં આવેલ હતું. વૈદિક ધર્મ અને વૈદિક સંસ્કૃતિનો પરિચય આપવામાં આવેલ હતો.

સર્વરોગ નિદાન યજ્ઞમાં ડૉ. સ્મિતકુમાર વસાવાએ નિઃશુલ્ક સેવા આપી હતી. આ પ્રસંગે તેઓએ જણાવ્યું હતું કે આર્યસમાજ નેત્રંગ દ્વારા ગમે ત્યાં મેડિકલ કેમ્પ યોજાશે તેમાં પોતે નિઃશુલ્ક સેવા આપશે. જેના ફળ સ્વરૂપે જેસલપોર, રાજપારડી, નેત્રંગ વગેરે ગામોમાં પણ મેડિકલ કેમ્પના આયોજન થયા હતાં.

લોકો સુધી યજ્ઞ-વેદનો સદેશ પહોંચાડવા અને નિદાન યજ્ઞનો બહોળી સંખ્યામાં લોકો લાભ લે તે માટે માટે પં. ગોવિંદપંસાદ શાસ્ત્રી, શ્રી નાથુભાઇ ડોડિયા વગેરે સતત પ્રયાસો કરી રહ્યાં છે.

આર્યસમાજ નેત્રંગના મંત્રીશ્રી પ્રવીણચંદ્ર આર્ય વનવાસી ક્ષેત્રમાં જનસંપર્ક અભિયાન ચલાવીને તેઓને વિધર્મી બનતા અટકાવવા સતત પ્રયત્નશીલ રહે છે.

ઉલ્લેખનીય છે કે આર્યસમાજ નેત્રંગ દ્વારા આદિવાસી ભાઇ-બહેનો અને તેમના સંતાનો માટે વૈદિક વાત્સલ્ય ધામની સ્થાપના કરવામાં આવેલ છે. જેનું નિર્માણ કાર્ય શરૂ થવામાં છે. જમીનનું લેવલીંગ તથા ફેનસીંગનું કામ પૂર્ણ થવામાં છે.

## આચાર્ય જ્ઞાનેશ્વરજીનો પ્રથમ સ્મૃતિ દિવસ
## તા. ૧૪ નવેમ્બર ૨૦૧૮ના રોજડ ખાતે

આચાર્ય જ્ઞાનેશ્વરજી આર્યનો પ્રથમ સ્મૃતિ દિવસ આગામી તા. ૧૪ નવેમ્બરના વાનપ્રસ્થ સાધક આશ્રમ રોજડ ખાતે રાખવામા આવેલ છે. આચાર્ય જ્ઞાનેશ્વરજીના દેહ વિલયને એક વર્ષ પુરુ થશે. તેમના કાર્યોની ગુંજ સર્વત્ર દેશ - વિદેશમાં સંભળાઇ રહી છે. જેમાં પૂજ્ય સ્વામી સત્યપતિજી અને તેઓનો સ્નાતક વર્ગ ઉપરાંત આર્ય જગતના વિદ્વાનોં, અધિકારીઓ તથા પૂજ્ય આચાર્યજીનું સાન્નિધ્યને પ્રાપ્ત નર-નારી ઉપસ્થિત રહેશે. તેમના સ્મૃતિ દિવસમાં ભાગ લેવા આચાર્ય સત્યજિત આર્ય (પ્રબંધકન્યાસી, વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ) એ આમંત્રણ પાઠવેલ છે.

## ટંકારામાં આગામી ઋષિબોધોત્સવ

દર વર્ષે પરંપરાનુસાર મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્મારક ટ્રસ્ટ ટંકારા દ્વારા ઋષિ બોધોત્સવ આગામી મહાશિવરાત્રીએ તદ્નુસાર તા. ૩ થી ૫ માર્ચ ૨૦૧૯ માં ભવ્ય રીતે ઉજવવામાં આવશે. આ દિવસોમાં આર્યસમાજોએ સ્થાનિક કોઇ કાર્યક્રમ ન રાખી ટંકારા ખાતે પધારવા આમંત્રણ છે.

આવાસ અને ભોજનની વ્યવસ્થા ટંકારા ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક કરવામાં આવશે.

- રામનાથ સહગલ
મંત્રી

## વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ ખાતે
## આગામી ધ્યાન શિબિર

વાનપ્રસ્થ સાધક આશ્રમ રોજડ ખાતે આચાર્ય સત્યજિતજી આર્ય માર્ગદર્શનમાં તા. ૧૬ ડિસેમ્બર થી તા. ૨૩ ડિસેમ્બર ૨૦૧૮ સુધી ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આધ્યાત્મ પ્રેમીને લાભ લેવા આમંત્રણ છે. વધુ માહિતી માટે નજીકની આર્યસમાજ અથવા વાનપ્રસ્થ સાધક આશ્રમ રોજડનો સંપર્ક કરવો.

## આર્યસમાજના વરિષ્ઠ, વિદ્વાન, શોધકર્તા, ઈતિહાસ
# ડૉ. ભવાનીલાલ ભારતીયની ચિર વિદાય



આર્યસમાજ ઈતિહાસકાર, વરિષ્ઠ વિદ્વાન, વિચારક, વક્તા અને ચિંતન ડૉ. ભવાનીલાલ ભારતીયનું ૯૦ વર્ષની વયે દેહાવસાન થયેલ છે. તેઓ પોતાના જીવનમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીનું બૃહદ્ જીવન ચરિત્ર નવજાગરણ કે પુરોધા જેવું દળદાર જીવન ઉપરાંત મહર્ષિના પત્રો અને વિજ્ઞાપન તેમજ અનેક ગ્રંથો લખી અમર થઇ ગયા.

## આર્યસમાજ જૂનાગઢના પ્રમુખ
# શ્રી શામજીભાઇ ઉદસડીયાનું નિધન

આર્યસમાજ જૂનાગઢના પ્રમુખશ્રી શામજીભાઇ ઉસદડીયાનું ગત તા. ૬-૧૦-૨૦૧૮ના રોજ દેહાવસાન થયેલ છે. સદ્ગતની ઇચ્છાનુસાર તેમના પરિવારજનોએ તેમના પાર્થિવ દેહનું તબીબી ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે દેહદાન કરેલ છે. પરિવારમાં ત્રણ દિવસ સુધી શુદ્ધિ યજ્ઞ રાખવામાં આવેલ હતો.

આ પ્રસંગે આચાર્ય સત્યજિતજી આર્ય (વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ) ઉપસ્થિત રહેલ અને મૃત્યુ વિશે દાર્શનિક ઉદ્બોધન કરેલ હતું.

સદ્ગત શ્રી શામજીભાઇ ગામઠી શૈલીમાં વૈદિક સિદ્ધાંતો રજૂ કરી ગ્રામીણ ક્ષેત્રના લોકોમાં પ્રચાર કાર્ય પણ કરતા હતાં.

પરિવારજનો તરફથી સદ્ગતની શ્રદ્ધાંજલિ રૂપે તા. ૧૧-૧૦-૧૮ ના રોજ રક્તદાન કેમ્પનું આયોજન કરેલ અને ૪૦ બોટલનું રક્ત સર્વોદય બ્લડ બેંકને અર્પણ કરેલ. આ પ્રસંગે બ્લડબેંકના પ્રમુખશ્રી મહેન્દ્રભાઇ મશરૂ (ભૂ. પૂ. ધારાસભ્ય) હાજર રહેલ અને રક્તદાન તથા દેહદાનનું પ્રમાણપત્ર પરિવારજનોને અર્પણ કરેલ અને શ્રી શામજીભાઇના સેવાકાર્યોને બિરદાવી શ્રદ્ધાંજલિ આપી પરિવારજનોનો આભાર માનેલ.

સમગ્ર વ્યવસ્થા આર્યસમાજના મંત્રીશ્રી કાંતિભાઇ કીકાણી અને ઉપમંત્રી પ્રવીણાબેન વાઘેલાએ કરેલ હતી.

BOOK-POST

# આર્યાભિવિનય

या ते धामानि परमाणि यात्मा या मध्यमा विश्वकर्मन्नुतेमा ।
शिक्षा सखिभ्यो हविषि स्वाधावः स्वयं यजस्व तन्वं वृधानः ॥
यजुर्वेद० १७.२१ ॥ ३८ ॥

**વ્યાખ્યા :** હે સર્વવિધાયક વિશ્વકર્મા ઈશ્વર! જે આપના સ્વરચિત ઉત્તમ, મધ્યમ, અને નિકૃષ્ટ ત્રિવિધ ધામ (લોક) છે, તે સર્વ લોકોની શિક્ષા જે અમે આપના મિત્રો છીએ તેથી અમને પ્રાપ્ત કરાવો. તે યથાર્થ વિદ્યા (જ્ઞાન) હોવાથી (તેને પ્રાપ્ત કરવાથી) અમે સર્વ લોકોમાં સદા સુખી રહીએ તથા એ લોકોનાં હવિષિ દાન અને ગ્રહણ વ્યવહારમાં અમે ચતુર બનીએ. હે સ્વધાવઃ સ્વ સામર્થ્ય આદિ ધારણ કરનાર! અમારા શરીર આદિ પદાર્થોની વૃદ્ધિ કરનાર આપ જ છો. યજસ્વ અમને વિદ્યાદિ ગુણોનું દાન આપ સ્વયં કરો (કે જેથી) અમે વિદ્વાનોનો સત્કાર અને સર્વ સજ્જનોને માટે સુખ આદિની (સમાગમ) કરી શકીએ. આપ આપની ઉદારતાથી જ સર્વ સુખ આપો છો. છતાં પણ અમે આપને પ્રસન્ન કરવામાં જરા પણ સમર્થ નથી. આપને અનુકૂળ સર્વથા વર્તમાન (વર્તાવ કે કાર્ય) કરી શકીએ તેમ નથી. પરંતુ આપ તો અધમ (પતિતના) ઉદ્ધારક છો, જેથી અમને સ્વકૃપાથી સુખી કરો.

**RNI Registration No. GujGuj/2015/63289**
**Posted at Rajkot - HO on 6th of every Months**
**Postal Regd. No. Rajkot / 672 / 2018-2020**

**પ્રતિ,** ____

**પ્રેષક :**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ, ટંકારા,**
**પિન : ૩૬ ૩૬ ૫૦, જિ. મોરબી.**

Publisher & Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj, Nr. Raipur Darvaja Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11, Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL